<u>ફોજદારી કેસ નંબર : ૫૦૪/૨૦૨૫</u>

(જયેન્દ્રભાઇ જસકુભાઇ વાળા - વિરૂધ્ધ - જોગેશભાઇ છગનભાઇ બોરડ)

<u>આંક-૧ લગત હુકમ.</u>

(૧) ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ રજૂ રાખેલ છે. ફરિયાદના અનુસંધાને આરોપીને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જે ધોરણસર બજી જતા વકીલ મારફત હાજર થયેલ અને આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. દરમિયાન આજરોજ ફરિયાદી તરફે આંક-૨૨ થી વિથડ્રો પુરસીસ આપી હાલની ફરિયાદના ચેક મુજબની રકમ આરોપીએ ભરપાઇ કરી દીધેલ છે જેથી ફરિયાદ આગળ ચલાવવાપણું રહેતું નથી અને ફરિયાદ પરત ખેંચતા હોવાનું જાહેર કરેલ છે. આમ, ફરિયાદના ચેક મુજબની રકમ આરોપીએ ભરપાઇ કરી દીધેલ હોય ફરિયાદી ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોય અને પરત ખેંચતા હોય આંક-૨૨ ની વિથડ્રો પુરસીસની વિગતે ફરિયાદીની હાલની ફરિયાદ વિથડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ <u>૨૧મી</u>, માહે <u>એપ્રિલ,</u> સને <u>૨૦૨૬</u> ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૧/૦૪/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. **(GJ-00862)**